# Shri Piyush Goyal appointed as India's G20 Sherpa

September 07, 2021

---

# શ્રી પિયુષ ગોયલ ભારતના જી-20 શેરપા તરીકે નિયુક્ત

સપ્ટેમ્બર 07, 2021

કેન્દ્રિય વાણિજ્ય અને ઉદ્યોગ, ગ્રાહક બાબતો, ખાદ્યાન્ન અને જાહેર વિતરણ અને ટેક્સ્ટાઈલ્સ મંત્રી શ્રી પિયુષ ગોયલને જી-20 માટે ભારતના શેરપા તરીકે નિયુક્ત કરાયા છે.

જી-20 એ મહત્ત્વનું આંતરરાષ્ટ્રીય જૂથ છે જેમાં વિશ્વના 19 અગ્રણી અર્થતંત્રો અને યુરોપીયન યુનિયન સંગઠીત થાય છે. તેના સભ્યો વૈશ્વિક જીડીપીમાં 80 ટકાથી વધારે, વૈશ્વિક વ્યાપારમાં 75 ટકા અને વિશ્વની કુલ વસતીના 60 ટકા જેટલો હિસ્સો ધરાવે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 2014થી જી-20 શિખર મંત્રણામાં ભારતનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

આગામી જી-20 શિખર મંત્રણા ઈટાલીના અધ્યક્ષપદ હેઠળ 30-31 ઓક્ટોબર 2021 દરમિયાન યોજાશે.

જી-20ની 1999માં રચના થઈ ત્યારથી જ ભારત તેનો સભ્ય છે. ભારત 1 ડિસેમ્બર 2022થી જી-20 પ્રેસિડન્સી યોજશે અને 2023માં સૌપ્રથમ વલખત જી-20 લીડર્સ સમિટનું આયોજન કરશે.

1 ડિસેમ્બર 2021થી 30 નવેમ્બર 2024 સુધી ભારત જી-20 ટ્રોઈકા (અગાઉની, વર્તમાન અને ભવિષ્યની જી-20 પ્રેસિડન્સી)નો હિસ્સો બનશે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 07, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.